JOSHI BROTHERS
ASSOCIATES
Prakash R. Joshi | Deepak P. Joshi
www.joshibrothers.co.in

# પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના – ૨૦૨૫

**ઇપીએફ ડીપાર્ટમેન્ટ દ્વારા પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના તા.૦૧/૦૮/૨૦૨૫થી અમલમાં મુકવામાં આવેલ છે. જેના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે.**

- આ યોજના તળે કર્મચારી તથા સંસ્થા / કંપની બંને માટે ઇન્સેન્ટીવ જાહેર કરવામાં આવેલ છે.

- ભાગ **A** (કર્મચારી):-

ઈપીએફઓ તળે કવર્ડ સંસ્થા / કંપનીમાં તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૭ સુધીમાં નવા દાખલ થયેલ કર્મચારી (જે કયારેય પણ ઇપીએફઓ ના મેમ્બર થયેલ ન હોય) ને એક પગાર ડાયરેકટ જે તે કર્મચારીના યુએએન સાથે લીન્ક થયેલ બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે. જેની શરતો નીચે મુજબ છે.

- જે કર્મચારીનો ગ્રોસ પગાર રૂા.૧૦૦૦૦૦/- (એક લાખ) કરતા વધારે હશે તેને લાભ મળશે નહિ.
- કર્મચારીને એક પગાર પેટે વધુમાં વધુ રૂા.૧૫૦૦૦/- બે હપ્તામાં મળશે.
- કર્મચારીને પ્રથમ હપ્તો તેની નોકરીના સળંગ છ માસ પુરા થયે તેના ખાતામાં જમા કરાવવામાં આવશે.
- કર્મચારીને બીજો હપ્તો તેની નોકરીના સળંગ ૧૨ માસ પુરા થયે ફાયનાન્સીયલ લીટરસી કોર્સની પરીક્ષા આપવાની રહેશે જે પાસ કર્યા બાદ મળશે. આ કોર્સ મેમ્બરના લોગ ઇન માંથી થશે. જે ઇપીએફઓ દ્વારા ભવિષ્યમાં જણાવવામાં આવશે.



**Labour Law Consultant**
**204, Manek Centre, P.N. Marg,NearIncometax Office, Jamnagar.**
**01, Riddhi Siddhi Arcade-2, Near D Mart, Sector-8, Gandhidham .**
**EMAIL: joshiideepak@gmail.com prjoshi2677870@gmail.com**
**Mobile No. 9925019942 (Prakash R. Joshi) 9879569942 (Deepak P. Joshi)**

આમ, નવા કર્મચારીને ઉપરોકત જણાવ્યા મુજબનો લાભ મળશે.

- ભાગ B (સંસ્થા / કંપની):-
  - ઈપીએફઓ તળે કવર્ડ સંસ્થાનું ઓનલાઇન પોર્ટલ પર સંસ્થાનું પાન કાર્ડ, જીએસટી નંબર તથા બેંક ખાતુ અપડેટ થયેલ હોવું ફરજીયાત છે.
  - ઈપીએફઓ એક્ટ તળે કવર્ડ સંસ્થામાં દાખલ થયેલ પ્રત્યેક નવા / રીજોઇન દાખલ થયેલા કર્મચારી માટે કંપનીને નીચે મુજબના દર મહિને આપવામાં આવતા ઇન્સેન્ટીવ જાહેર કરવામાં આવેલ છે.

| ઈપીએફ પગાર (પીએફ કપાત થતી હોય તે પગારની રકમ) | ઈપીએફઓ દ્વારા કંપનીને આપવામાં આવતા ઇન્સેન્ટીવની રકમ |
|---|---|
| ૧૦૦૦૦ કરતા ઓછા | પગારના ૧૦% પરંતુ વધુમાં વધુ ૧૦૦૦ |
| ૧૦૦૦૧ થી ૨૦૦૦૦ | ૨૦૦૦ |
| ૨૦૦૦૧ થી ૧૦૦૦૦૦ | ૩૦૦૦ |

આમ, પ્રત્યેક નવા કે રીજોઇન થયેલ કર્મચારી દીઠ ઉપર મુજબના ઇન્સેન્ટીવની રકમ સંસ્થા / કંપનીને ઇપીએફઓ દ્વારા આપવામાં આવશે. આ રકમ નીચેની શરતોને આધિન સંસ્થા / કંપની મેળવી શકશે.

- સંસ્થા દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૭/૨૦૨૫ સુધીના સમયમાં કુલ કર્મચારીઓની એવરેજ સંખ્યા (બેઇસલાઇન) નકકી કરવાની રહેશે. અને તે જો ૫૦(પચાસ) કરતા ઓછી હશે તો આ સ્કીમનો લાભ લેનાર સંસ્થા / કંપનીએ ઓછામાં ઓછા ૨(બે) નવા/રીજોઇન કર્મચારીઓને રજીસ્ટર કરવાના રહેશે અને આવતા ૧૨ માસ સુધી કર્મચારીઓની બેઇસલાઇન સંખ્યા + ૨ નવા/રીજોઇન કર્મચારીઓ એમ કુલ સંખ્યા મેઇનટેઇન કરવાની રહેશે.



Labour Law Consultant
204, Manek Centre, P.N. Marg,NearIncometax Office, Jamnagar.
01, Riddhi Siddhi Arcade-2, Near D Mart, Sector-8, Gandhidham .
EMAIL: joshiideepak@gmail.com prjoshi2677870@gmail.com
Mobile No. 9925019942 (Prakash R. Joshi) 9879569942 (Deepak P. Joshi)

  - દા.ત. બેઇઝલાઇન સંખ્યા ૩૮ આવેલ છે તો તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૬ સુધી ઓછામાં ઓછા ૩૮+૨= ૪૦ કર્મચારીઓની સંખ્યા પીએફ ચલણમાં મેઇનટેઇન કરવાની રહેશે. જો ૪૦ કરતા ઓછા કામદારો થશે તો આ સ્કીમનો લાભ મળી શકશે નહિ.

- તેજ રીતે સંસ્થા દ્રારા તા.૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૭/૨૦૨૫ સુધીના સમયમાં કુલ કર્મચારીઓની એવરેજ સંખ્યા (બેઇસલાઇન) જો ૫૦(પચાર) કરતા વધારે હશે તો આ સ્કીમનો લાભ લેનાર સંસ્થા / કંપનીએ ઓછામાં ઓછા ૫(પાંચ) નવા/રીજોઇન કર્મચારીઓને રજીસ્ટર કરવાના રહેશે અને આવતા ૧૨ માસ સુધી કર્મચારીઓની બેઇસલાઇન સંખ્યા + ૫ નવા/રીજોઇન કર્મચારીઓ એમ કુલ સંખ્યા મેઇનટેઇન કરવાની રહેશે.
- દા.ત. બેઇઝલાઇન સંખ્યા ૬૦ આવેલ છે તો તા.૦૧/૦૮/૨૦૨૫ થી ૩૧/૦૭/૨૦૨૬ સુધી ઓછામાં ઓછા ૬૦+૫= ૬૫ કર્મચારીઓની સંખ્યા પીએફ ચલણમાં મેઇનટેઇન કરવાની રહેશે. જો ૬૫ કરતા ઓછા કામદારો થશે તો આ સ્કીમનો લાભ મળી શકશે નહિ.

- ઉપરોકત પાર્ટ **A** તથા **B** માટે નીચેની શરતો લાગુ રહેશે.
  - નવા દાખલ થયેલ કર્મચારીનો યુએએન નંબર ઉમગ એપ દ્રારા ફેસ ઓથેન્ટીકેશન મારફત જનરેટ થયેલ હોવો ફરજીયાત છે.
  - રીજોઇન થયેલ કર્મચારીઓનો યુએએન નંબર ઉમગ એપ દ્રારા ફેસ ઓથેન્ટીકેશન મારફત વેરીફાઇ થયેલ હોવો ફરજીયાત છે.
  - સંસ્થાનું પાન કાર્ડ, જીએસટી નંબર તથા બેકની વિગત કંપનીના ઇપીએફઓ પોર્ટલ પર રજીસ્ટર કરાવેલ હોવી ફરજીયાત છે.
  - આ સ્કીમ તળે સંસ્થાને મળનાર ઇન્સેન્ટીવ ઉપરોકત તમામ શરતોનું પાલન થયાના ૪૫ દિવસમાં કંપનીના પાન કાર્ડ સાથે લીન્ક થયેલ બેંક ખાતામાં કરવામાં આવશે.



**Labour Law Consultant**
**204, Manek Centre, P.N. Marg,NearIncometax Office, Jamnagar.**
**01, Riddhi Siddhi Arcade-2, Near D Mart, Sector-8, Gandhidham .**
**EMAIL: joshiideepak@gmail.com prjoshi2677870@gmail.com**
**Mobile No. 9925019942 (Prakash R. Joshi) 9879569942 (Deepak P. Joshi)**

- ○ જો એક પાન કાર્ડ તળે એક કરતા વધારે સંસ્થા / કંપની રજીસ્ટર્ડ હશે તો તેવા કિસ્સામાં સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલ પાન કાર્ડ સાથે લીન્ક કોઇપણ એક બેંક ખાતામાં ઇન્સેન્ટીવની રકમ જમા કરવામાં આવશે.
- ○ આ સ્કીમ તળે કર્મચારીને મળવાપાત્ર ઇન્સેન્ટીવની રકમ કર્મચારીના યુએએન નંબરમાં લીન્ક બેંક કાતામાં જમા કરવામાં આવશે. જો કર્મચારીના બેંક ખાતા સાથે આધાર કાર્ડ લીન્ક નહી હોય તો તે ઇન્સેન્ટીવ રદ્ કરવામાં આવશે. ત્યાર બાદ જો કર્મચારી તેના બેંક ખાતા સાથે આધાર કાર્ડ લીન્ક કરાવશે તેવા કિસ્સામાં તેના ઇન્સેન્ટીવનું એરીયર ઇપીએફઓ દ્વારા તેના ખાતામાં જમા કરાવવામાં આવશે.

- પ્રધાનમંત્રી વિકસીત ભારત રોજગાર યોજના ની ઉપરમુજબની શરતોનું આ યોજાનનો લાભ લેનાર તમામ સંસ્થા / કંપની / કર્મચારીએ પાલન કરવાનું રહેશે. તેમજ ઉપર સિવાયની અન્ય શરતો ઇપીએફઓ ડીપાર્ટમેન્ટ દ્વારા બહાર પાડવામાં આવેલ આ સ્કીમ તળેની ગાઇડલાઇનમાં જણાવવામાં આવેલ છે.



**Labour Law Consultant**
**204, Manek Centre, P.N. Marg,NearIncometax Office, Jamnagar.**
**01, Riddhi Siddhi Arcade-2, Near D Mart, Sector-8, Gandhidham .**
**EMAIL: joshiideepak@gmail.com prjoshi2677870@gmail.com**
**Mobile No. 9925019942 (Prakash R. Joshi) 9879569942 (Deepak P. Joshi)**